કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યૂઝપેપર

Digital Copy

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી I ❤ Gujarat ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 3 | 1 July 2025 | Sugnesh Patel | garvigujrat2025@gmail.com | CANADA |

## ૧ જુલાઈ કેનેડા દિવસ નિમિત્તે ગરવી ગુજરાત ન્યુઝ પેપર ના વાચક મિત્રોને કેનેડા દિવસની હાર્દિક શુભકામનાઓ!

આપણા સૌ માટે ગર્વની વાત છે કે આપણે કેનેડા જેવા સભ્ય અને શાંતિપ્રિય દેશમાં વસવાટ કરીએ છીએ. કેનેડાએ ગુજરાતીઓ ને અપનાવ્યા છે અને વિકાસની અગણિત તકો પૂરી પાડી છે. આજના શુભ અવસરે આપણે સૌ કેનેડાના મૂલ્યો - વિવિધતા, સહિષ્ણુતા અને સર્વસમાવેશતાને યાદ કરીએ.

કેનેડામાં વસતા સમગ્ર ગુજરાતી સમાજે અહીંની પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. આપણા ઉદ્યોગસાહસિકો, વ્યાવસાયિકો, કલાકારો અને સામાન્ય નાગરિકો સૌએ કેનેડાની ઓળખને વધુ ઉજળી બનાવી છે. આપણે સૌએ આપણી ગુજરાતી સંસ્કૃતિ અને પરંપરાઓને અહીં જીવંત રાખી છે, જે ખરેખર પ્રશંસનીય છે.

આપણે સૌ સાથે મળીને કેનેડાને વધુ સુદ્રઢ અને સમૃદ્ધ બનાવીએ તેવી આશા રાખીએ છીએ. આવનારો સમય આપણા સૌ માટે સુખમય અને સમૃદ્ધિદાયક નીવડે તેવી પ્રાર્થના.

જય હિન્દ! જય કેનેડા!
તંત્રીશ્રી,



તંત્રીશ્રી સુગ્નેશ પટેલ ગરવી ગુજરાત ન્યૂઝ પેપર કેનેડા આપ સૌ વાચક મિત્રોને કેનેડાની ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવે છે

# સર્વેને કેનેડા દિવસની શુભકામના

## ગરવી ગુજરાત ન્યૂઝ પેપરના આદરણીય વડીલો મિત્રો



વિશ્લેષક શ્રી ભરતભાઈ ભાનુશાલી
કચ્છ ગુજરાત




નિર્મળાબેન દરજી
રિટાયર શિક્ષિકા
કેનેડા



ભદ્રેશ શાહ
પ્રિયા ભીરીવ
ગોધરા



પ્રિન્સિપાલ પરેશભાઈ શાહ, ખ્યાતનામ શિક્ષણ વિદ, વડોદરા ગુજરાત



સંગીતકાર
ડૉ. જયેન્દ્રભાઈ નાયક કેનેડા






With Best Compliments From
Kalpesh Patel
CEO -OptionTrain college, Mississauga, ON
President -New Brunswick College of Healthcare, Business & Technology, Moncton NB



Pandit
Maheshbhai Vyas
47, McMurchy
Brampton
ON L6X1X5
વડોદરા, 6,
ઝવેરનગર



જ્યોતિષ આચાર્યશ્રી
સુરેશભાઈ ગાંધી
(પાયરા વાસ્તુ એક્સપર્ટ) કેનેડા

+16472732385



આ કેનેડા ડે પર ચાલો આપણે આપણા વિવિધતાની શક્તિ, આપણા સમુદાયોની ઉષ્મા અને આપણે બધાને એકસાથે લાવનારા મૂલ્યોની ઉજવણી કરીએ. સહાનુભૂતિ, સમાવેશ અને એકતામાં વિશ્વાસ ધરાવતા દેશનો ભાગ બનીને સેવા આપવા ગર્વ અનુભવુ છું.

હેપી કેનેડા ડે!

ડોન પટેલ, સમુદાય નેતા



શ્રી કિરીટભાઈ પટેલ
સમાજ સેવક કેનેડા

# Happy Canada Day - 2025



1 July-2025 | garvigujrat2025@gmail.com | CANADA

## Happy Canada Day

જેમ આપણે કેનેડા ડેની ઉજવણી કરવા માટે એકત્રિત થઈએ છીએ, તેમ આપણે એ મૂલ્યોની યાદ કરીએ છીએ જે આપણા દેશને ખરેખર વિશેષ બનાવે છે – વિવિધતા, સ્વતંત્રતા, કરુણા અને એકતા.



આ દિવસે આપણે આપણા રાષ્ટ્રના સમૃદ્ધ ઈતિહાસને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ, જેમણે કેનેડાનું નિર્માણ કર્યું એ પેઢીઓને નમન કરીએ છીએ અને દરેક કનેડિયનના યોગદાનને માન્યતા આપીશું – ભૂતકાળના અને વર્તમાનના – જેમણે અમારા દેશના ભવિષ્યને ઘડવામાં સહકાર આપ્યો છે.

ચાલો આપણે કેનેડાના રંગીન સંસ્કૃતિક મોઝેક પર ગર્વ કરીએ અને મળીને એક એવા દેશ માટે પ્રયત્ન કરીએ જે સમાવિષ્ટ, સન્માનજનક અને મજબૂત હોય.

દરેકને હર્ષભર્યો અને સુરક્ષિત કેનેડા ડે શુભકામનાઓ!

- પથિક શુક્લા, સમાજસેવી

## Happy Canada Day - 2025



## અનિરુદ્ધભાઈ બ્રહ્મભટ્ટ

**એબીએન ઈમિગ્રેશન વાળા- કેનેડા**

## Happy Canada Day - 2025

Let's come together and celebrate what the best country in the world has to offer. From the most beautiful landscapes to the Charter of Rights and Freedoms, Canada is the land of dreams for those who dare to envision it. Through its strength in its diversity, we stand united as Canadians. Wishing you and your family a Happy Canada Day - the glorious land of the free!



**Gurpartap Singh Toor**
Regional Councillor
Wards 9 & 10
City of Brampton,
Region of Peel

**Om sai ram and good morning friends**

## SAINT COMING FROM GERMANY TO GUELPH TO BLESS US

July 05, Saturday, Saint from Germany is coming to guelph and will do prayer and kirtan with him.

- **WE ALL ARE SO BLESSFUL TO HAVE HIM WITH US**




**DO NOT MISSED OPPORTUNITY**
**CONFIRMATION IS MUST**
**PREETIBHOG WILL BE AT 8.00**

HAPPY CANADA DAY 2025

## I AM DIFFERENT !!

@realtorravipatel

# Looking for the Right Real Estate Expert?


Ravi Patel
REALTOR




## Let's Find Your Perfect Home

- Personalized Guidance for Buyers & Sellers
- More Than 5 Years of Experience
- Transparent Service
- Check reviews on Google & Insta and lets get started !!


Let's Get Started
+1(519)-991-7196

www.buywithravi.realtor




★★★★★
@realtorravipatel

RIGHT AT HOME REALTY BROKERAGE

ANB IMMIGRATION

HAPPY CANADA DAY 2025

RCIC
Regulated Canadian Immigration Consultant

LOOKING FOR AN
IMMIGRATION
SPECIALIST

HEAD OFFICE

6201 Hwy 7, Suite# 10, Woodbridge, ON, L4H0K7

SCAN FOR FREE ASSESSMENT

"Gateway to the Future"

OUR SERVICES

- Super Visa
- Express Entry
- PR Card Services
- Student Visa
- Provincial Nominee Program (PNP)
- Visitor Visa
- Spousal Sponsorship
- Work Permit (LMIA)
- Family Class Sponsorship
- Canadian Experience Class (CEC)

YOUR TRUSTED IMMIGRATION PARTNER

Off: 905-230-4737
Toll Free: 1-800-431-8499
info@anbimmigration.com
www.anbimmigration.com






# HAPPY CANADA DAY 2025

HOMELIFE
HIGHER STANDARDS

**HOMELIFE/MIRACLE REALTY LTD.**

Brokerage, Independently Owned & Operated



## SANJU PATEL

Broker

**Direct** 647-721-0491
**Office** 905-454-4000
**Fax** 905-463-0811
**Email** realtorsanju@gmail.com
**Web** www.shivbijhomes.com

REALTOR MLS MULTIPLE LISTING SERVICE


Vyas Law
Professional Corporation
OUR SERVICES :
REAL ESTATE LAW
FAMILY LAW
IMMIGRATION LAW
CORPORATE & COMMERCIAL
WILL & ESTATE
NOTARY PUBLIC
DESIGNED BY GUJARATNEWSLINE.CA
TRUPTI VYAS
Barrister, Solicitor & Notary Public
416-601-3676
90, EASTERN AVE, UNIT # B3,
BRAMPTON, ON, L6W 0B6
647-567-4551
416-601-3677
info@vyaslaw.ca
trupti@vyaslaw.ca
WWW.VYASLAW.CA



# ચીન પાકિસ્તાન સાથે મળીને રમી રહ્યું છે નવી કૂટનીતિક રમત, સાર્ક ને બદલવાની કવાયત



બેઈજિંગ: ચીન ફરી એકવાર પાકિસ્તાન સાથે મળીને નવી કૂટનીતિક રમત રમવા જઈ રહ્યું છે. જેમાં ચીન દક્ષિણ એશિયામાં પાકિસ્તાનને સાથે રાખીને નવા પ્રાદેશિક સંગઠનની રચના માટે કવાયત કરી રહ્યું છે. આ નવું સંગઠન દક્ષિણ એશિયન પ્રાદેશિક સહકાર સંગઠન (SAARC)ને દૂર કરીને તેનું સ્થાન લઈ શકે છે. આ રમત પાછળ ચીનનું મગજ છે. જ્યારે પાકિસ્તાન આ પ્રોજેક્ટને સમર્થન આપી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં જ ચીનમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનના પ્રતિનિધિઓની એક બેઠક યોજાઈ હતી.

આ અંગે મીડિયા અહેવાલમાં રાજદ્વારીસૂત્રોનેટાંકીનેઈસ્લામાબાદ અને બેઈજિંગ વચ્ચેની વાતચીત હવે આગળના તબક્કામાં હોવાનું જણાવ્યું છે. તેમજ બંને પક્ષો સંમત છે કે પ્રાદેશિક એકીકરણ અને જોડાણ માટે એક નવું સંગઠન જરૂરી છે.

જ્યારે સૂત્રોને ટાંકીને મીડિયા રિપોર્ટમાં જણાવ્યું હતું કે આ નવું સંગઠન સંભવિત રીતે પ્રાદેશિક બ્લોક SAARC ને બદલી શકે છે. SAARC માં ભારત, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. ચીન SAARC નું સભ્ય નથી. પરંતુ હવે એક નવું સંગઠન બનાવીને ચીન દક્ષિણ એશિયાના દેશો પર રાજદ્વારી અને વ્યૂહાત્મક પ્રભાવ મેળવવા માંગે છે. ચીનના સાર્કના તમામ દેશો સાથે ઊંડા આર્થિક અને વ્યૂહાત્મક સંબંધો છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં જ ચીનના કુનમિંગમાં પાકિસ્તાન, ચીન અને બાંગ્લાદેશ વચ્ચે ત્રિપક્ષીય બેઠક યોજાઈ હતી. એવું કહેવાય છે કે આ બેઠક આ સંગઠનને નક્કર આકાર આપવા માટેના રાજદ્વારી દાવપેચનો એક ભાગ હતી. આ બેઠકનો ધ્યેય સાર્કનો હિસ્સો રહેલા અન્ય દક્ષિણ એશિયાઈ દેશોને નવા જૂથમાં જોડાવા માટે આમંત્રણ આપવાનો હતો. જોકે, બાંગ્લાદેશની વચગાળાની સરકારે ઢાકા, બેઈજિંગ અને ઈસ્લામાબાદ વચ્ચે કોઈપણ જોડાણના વિચારને નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે આ બેઠક રાજકીય નહોતી.

# ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂને ભ્રષ્ટાચારના કેસ રાહત બાદ ડોનાલ્ડ ટ્રમ્પે આપી આ પ્રતિક્રિયા



ન્યુયોર્ક : ઈઝરાયલની અદાલતમાં ભ્રષ્ટાચારના કેસનો સામનો કરી રહેલા વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂને મોટી રાહત મળી છે. ઈઝરાયલની કોર્ટે વડા પ્રધાન નેતન્યાહૂ સામેની સુનાવણી મુલતવી રાખી છે. આ રાહત અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણી બાદ મળી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોશિયલ મીડિયા દ્વારા આ વાતની પુષ્ટિ કરી છે.


બેન્જામિન નેતન્યાહૂ સામેનો આ કેસ છેલ્લા 4 વર્ષથી ચાલી રહ્યો છે. જેમાં નેતન્યાહૂ પર ત્રણ અલગ અલગ કેસોમાં લાંચ, છેતરપિંડી અને વિશ્વાસઘાતનો આરોપ છે. હાલમાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા આ કેસ બંધ કરવાની માંગના થોડા કલાકો પછી કોર્ટે સુનાવણી મુલતવી રાખી છે.

જેરુસલેમની ડિસ્ટ્રિક્ટ કોર્ટે એક ટિપ્પણીમાં કહ્યું કે નેતન્યાહૂને આગામી બે અઠવાડિયા માટે જુબાની આપવાથી મુક્તિ આપવામાં આવી છે. તેનું કારણ રાજદ્વારી અને રાષ્ટ્રીય સુરક્ષા ચિંતાઓ હોવાનું જણાવાયું છે. આ આદેશ તે નિર્ણયના બે દિવસ પછી આવ્યો છે જેમાં ન્યાયાધીશે ઈઝરાયલી વડા પ્રધાનની સુનાવણી મુલતવી રાખવાની વારંવારની માંગને ફગાવી દીધી હતી.

આ અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર નેતન્યાહૂ સામે ચાલી રહેલા ભ્રષ્ટાચારના કેસની આકરી ટીકા કરી હતી, તેને રાજકીય ષડયંત્ર ગણાવ્યું હતું. ટ્રમ્પે લખ્યું હતું કે, ઈઝરાયલમાં નેતન્યાહૂ સાથે જે થઈ રહ્યું છે તે અત્યંત શરમજનક છે. તેઓ યુદ્ધના નાયક છે અને તેમણે ઈરાનના ખતરનાક પરમાણુ ખતરાને દૂર કરવા માટે અમેરિકા સાથે મળીને ઉત્તમ કામ કર્યું છે.

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting
facebook Link
Chat
Let's Start!
Parth Patel
647 655 5029
Let's Be popular
Find on Google

# ન્યૂ યોર્ક મેયરની રેસમાં વિવાદ: ભારતીય મૂળના ઝોહરાન મમદાની પર ટ્રમ્પના પ્રહાર



વોશિંગ્ટન: ન્યૂ યોર્ક સિટીના મેયર પદની ચૂંટણીમાં આગળ ચાલી રહેલા ભારતીય મૂળના જોહરાન મમદાનીની વિચારધારાએ વિવાદ સર્જ્યો છે. મમદાનીની પાકિસ્તાન પ્રત્યેની નિકટતા અને કટ્ટર ઈસ્લામવાદની હિમાયતને લઈને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પર આકરા પ્રહારો કર્યા છે. મમદાનીએ ગુજરાતના રમખાણો અને ગાઝા મુસ્લિમોની હિમાયત પરની ટિપ્પણીઓએ પણ ચર્ચા જગાવી છે. આ વિવાદે ન્યૂ યોર્કની ચૂંટણીમાં નવો વળાંક આવ્યો છે.

જોહરાન મમદાની વિચારધારા પર ટ્રમ્પે ટીકા કરી છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું હતું કે "મમદાની કમ્યુનિસ્ટ છે! જો તે મેયર બને તો ન્યૂ યોર્ક અને દેશ માટે આ ખરાબ બનશે." ટ્રમ્પે ચેતવણી આપી કે મમદાનીની જીતથી ન્યૂ યોર્ક "100% કમ્યુનિસ્ટ સિટી" બનાવી દેશે. ઉલ્લેખનીય છે કે આ ટિપ્પણી બાદ રિપબ્લિકન પાર્ટીના સાંસદોએ મમદાનીની નાગરિકતા રદ કરવાની માગ પણ ઊઠાવી છે. 33 વર્ષના જોહરાન મમદાની યુગાન્ડામાં જન્મેલા ભારતીય મૂળના અમેરિકી નાગરિક છે. 2021થી તેઓ ન્યૂ યોર્ક સ્ટેટ એસેમ્બલીના સભ્ય છે અને પોતાને "ડેમોક્રેટિક સોશિયલિસ્ટ" ગણાવે છે. તેમણે સાંસદ બન્યા પહેલા સ્થાનિકોને ભાડા નિર્ધરણા, મફત ટ્રાન્ઝિટ, બાળકોની સંભાળ અને શ્રીમંતો પર કર વધારવાના જેવા મહત્વના નિર્ણય કરવાના વાયદા કરેલ છે.

# ગેરકાયદે રહેનારા અથવા વિઝા ફ્રોડ કરનારાને અમેરિકન દૂતાવાસે આપી ચેતવણી

વોશિંગ્ટન/નવી દિલ્હી: અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળનું અમેરિકન પ્રશાસન દેશમાં ગેરકાયદે રહેનારા વિરુદ્ધ સખત કાર્યવાહી કરી રહ્યું છે ત્યારે દેશમાં ગેરકાયદે કામગીરી વિઝા ફ્રોડ સંબંધમાં સંડોવાયેલા સામે આક્રમક કાર્યવાહી કરતા પ્રશાસન ખચકાશે નહીં, એમ ભારત સ્થિત અમેરિકન દૂતાવાસે જણાવ્યું હતું.

ભારત સ્થિત અમેરિકી દૂતાવાસે ગેરકાયદે અમેરિકામાં રહેનારા કે વિઝાના ફ્રોડ કરનારા લોકોને કડક ચેતવણી આપી છે. વધુમાં જણાવ્યું છે કે અમેરિકી કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ સામે ગંભીર ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. આ નિવેદન ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના અમેરિકી વહીવટની ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સામેની કડક નીતિના સંદર્ભમાં લેવામાં આવ્યો છે. ખાસ કરીને લૉસ એન્જલસમાં તાજેતરની ઈમિગ્રેશન કાર્યવાહીઓ




બાદ આ ચેતવણી જાહેર કરી છે.


26 જૂને X પરની એક પોસ્ટમાં દૂતાવાસે જણાવ્યું હતું કે, "વિઝા આપ્યા પછી પણ સ્ક્રીનિંગ બંધ થતી નથી. અમે વિઝાધારકોની સતત તપાસ કરીએ છીએ, જેથી તેઓ અમેરિકી કાયદા અને ઈમિગ્રેશન નિયમોનું પાલન કરે. જો તેઓ નિયમો તોડશે, તો વિઝા રદ કરી ડિપોર્ટ કરવામાં આવશે." કાયદા તોડનારાઓને જેલની સજા અને દેશનિકાલનો સામનો કરવો પડશે.

ગયા મહિના દરમિયાન લૉસ એન્જલસમાં યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) દ્વારા ગેરકાયદે રહેતા લોકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેના વિરોધમાં શહેરમાં હિંસક પ્રદર્શનો થયા હતા. અમુક નકાબપોશ લોકોએ સ્થાનિક દુકાનોને નિશાન બનાવી હતી. ટ્રમ્પે આ માટે નેશનલ ગાર્ડની તૈનાતીનો આદેશ આપ્યો, જેનો કેલિફોર્નિયાના ગવર્નરે વિરોધ કર્યો હતો. આ ઘટનાને લઈ દેશભરમાં ઈમિગ્રેશન નીતિઓ મુદ્દે કડક કાર્યવાહી કરવાનો પણ અનુરોધ કર્યો હતો.

યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) એ પણ જણાવ્યું હતું કે હિંસા કે આતંકવાદી પ્રવૃત્તિઓને સમર્થન આપનારા કે તેને પ્રોત્સાહન આપનારા લોકોને અમેરિકામાં રહેવાની મંજૂરી નહીં મળે. દૂતાવાસે ભારપૂર્વક જણાવ્યું કે, ઈમિગ્રેશન કાયદાઓનું સખતપણે પાલન કરાવવામાં આવશે, જેથી દેશની સુરક્ષા અને કાયદાનું શાસન જળવાઈ રહે.







Happy Canada Day - 2025

1 July-2025 | garvigujrat2025@gmail.com | CANADA

# વિદેશી પ્રવાસીઓ માટે ઉત્તર કોરિયાના દ્વાર ખૂલ્યા! કિમ જોંગ ઉનનો ઉત્તરાધિ કારી કોણ બનશે?

પ્યોંગયાંગ: ઉત્તર કોરિયાના અત્યંત ગુપ્ત અને દુર્ગમ વિસ્તારો હવે ધીમે ધીમે જાણે દુનિયા માટે ખુલી રહ્યા છે. ૨૪ જૂનના ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉને દેશના ઉત્તરીય કિનારે આવેલા ભવ્ય વોનસાન કલ્મા દરિયાકિનારાને સાર્વજનિક કર્યો હતો. આ બીચની અપ્રતિમ સુંદરતા વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બની છે.



આ ઉદ્‌ઘાટન સમારોહમાં કિમ જોંગ ઉન સાથે તેમની પુત્રી કિમ જૂ એ સતત જોવા મળી હતી. જેણે તેમના ઉત્તરાધિકારી બનવાની અટકળોને વેગ આપ્યો છે. નોંધનીય છે કે કિમની પત્ની રી સોલ જૂ પણ હાજર હોવા છતાં કિમ જૂ એને પ્રોટોકોલમાં પહેલા ક્રમે હતી.

તે તેના પિતા સાથે હાથ પકડીને બીચ પર ફરતી જોવી મળી હતી, જ્યારે રી સોલ જૂ પાછળ ચાલતા હતા. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સી (NIS)એ પણ જાન્યુઆરી ૨૦૨૪માં સંકેત આપ્યો હતો કે કિમ જૂ એને સંભવિત ઉત્તરાધિકારી તરીકે જોવામાં આવી રહી છે.


આંતરરાષ્ટ્રીય મીડિયા અનુસાર વોનસાન કલ્મા બીચનું નિર્માણ ઘણા વર્ષોથી ચાલી રહ્યું હતું, જે કોરોના મહામારી દરમિયાન અટકી ગયું હતું. ૨૦૨૪માં રશિયાની મદદ મળતા જ આ પ્રોજેક્ટને વેગ મળ્યો. ઉદ્‌ઘાટન સમારોહમાં ઉત્તર કોરિયામાં રશિયાના રાજદૂત અને દૂતાવાસના સભ્યો વિશેષ મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

આ પ્રવાસન કેન્દ્ર ૧ જુલાઈથી ખોલવામાં આવશે અને હાલ પૂરતું માત્ર રશિયન નાગરિકોને જ પ્રવેશની મંજૂરી આપવામાં આવી છે. તાજેતરમાં જ બંને દેશો વચ્ચે ટ્રેન સેવાની પણ પુનઃ શરૂઆત કરવામાં આવી છે, અને ઉત્તર કોરિયાએ યુક્રેન યુદ્ધમાં રશિયાને ૧૦,૦૦૦ સૈનિકોની મદદ કરી હોવાનું માનવામાં આવે છે.

કિમ જૂ એ છેલ્લા દોઢ વર્ષથી વિવિધ મહત્વપૂર્ણ જાહેર કાર્યક્રમોમાં તેમના પિતા સાથે જોવા મળી રહ્યા છે, જેમાં કાંગદોંગ ગ્રીનહાઉસની મુલાકાત સૈન્ય અભ્યાસ નિરીક્ષણ અને યુદ્ધ જહાજ પરીક્ષણ જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી (KCNA) એ તેમને કિમની “પ્રિય” અને “સન્માનિત” પુત્રી તરીકે રજૂ કર્યા છે, જે ઉત્તરાધિકારની અટકળોને વધુ મજબૂત બનાવે છે.

જોકે, ઉત્તર કોરિયાના પુરુષ-પ્રધાન સમાજમાં સત્તા હંમેશાં પુરુષોના હાથમાં રહી છે. કિમ જોંગ ઉનના અન્ય સંતાનો ખાસ કરીને મોટા પુત્ર અને બહેન કિમ યો-જોંગના નામ પણ અગાઉ સંભવિત ઉત્તરાધિકારી તરીકે ચર્ચાયા છે.

તેમ છતાં, કિમ જૂ એની વધતી જતી સાર્વજનિક હાજરી અને તેમને મળતો પ્રોટોકોલ સૂચવે છે કે તેઓ આ યાદીમાં સૌથી આગળ છે. જો કિમ જોંગ ઉન તેમને ઉત્તરાધિકારી બનાવે છે, તો તે ઉત્તર કોરિયાના ઇતિહાસમાં એક નોંધપાત્ર અને ઐતિહાસિક પરિવર્તન હશે, જેના માટે વ્યાપક સામાજિક અને રાજકીય સ્વીકૃતિની જરૂર પડશે




G&H
Team Gautam & Harry
RE/MAX
RE/MAX GOLD
Realty Inc;Brokerage
HAPPY
CANADA
DAY
GAUTAM PANCHAL
Real Estate Broker
647-269-8720
GH
HARRY SINGH
Sales Representative
647-640-1570

# Happy Canada Day

Abhay Joshi
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC
Dominion Lending Centres

## Looking for Mortgage Services?

- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more




CONTACT US

CELL : (647) 409-5848

Lic #M22003707

# અમેરિકાએ કેનેડા સાથે તોડ્યા વેપારી સંબંધો, જાણો કેનેડા પર શું થશે અસર?

કેનેડા: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા સાથેના તમામ વેપાર સંબંધો તાત્કાલિક અસરથી સમાપ્ત કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણયથી કેનેડાની અર્થવ્યવસ્થા, ઉદ્યોગો અને વૈશ્વિક સ્થિતિ પર ગંભીર અસર થવાની શક્યતાઓ સેવાય રહી છે. અમેરિકા દ્વારા લેવાયેલ આ આકરા નિર્ણય પાછળનું મુખ્ય કારણ કેનેડાના ડિજિટલ સર્વિસ ટેક્સ અને અમેરિકન ડેરી ઉત્પાદનો પર 400% ટેરિફ છે. આ ઘટનાએ બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો પર પ્રશ્નો ઉભા કર્યા છે.

ટ્રમ્પે કેનેડાને વેપાર માટે ‘મુશ્કેલ’ દેશ ગણાવીને તમામ વેપારી સંબંધો તોડી નાખ્યા છે. આ સાથે તેમણે એમ પણ જણાવ્યું કે, કેનેડાના ડિજિટલ સર્વિસ ટેક્સથી અમેરિકન કંપનીઓને નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત, કેનેડાએ અમેરિકન ડેરી ઉત્પાદનો પર ભારે



ટેરિફ લગાવ્યો હતો. અમેરિકાએ કેનેડાને આગામી સાત દિવસમાં વેપાર સંબંધિત ચૂકવણીની વિગતો આપવા જણાવ્યું છે.

અમેરિકા કેનેડાનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. 2024માં કેનેડાના 75% આયાત (લગભગ 600 બિલિયન ડોલર) અને 50% નિકાસ અમેરિકા સાથે હતી. વેપાર બંધ થવાથી ઊર્જા, ઓટોમોબાઈલ અને ઉત્પાદન ક્ષેત્રોને નુકસાન થવાની શક્યતા છે. જો આ વેપાર સંબંદ બંધ થઈ જશે તો આગામી થોડા જ સમયમાં કેનેડાની જીડીપી 10-15% ઘટવાની શક્યતા છે. ઓન્ટારિયો અને ક્વિબેકમાં બેરોજગારી વધશે, જેનાથી લાખો નોકરીઓ જોખમમાં આવશે.

અમેરિકા દરરોજ કેનેડા પાસેથી 4 મિલિયન બેરલ તેલ ખરીદે છે, જે હવે બંધ થશે. જેનાથી કેનેડાની તેલ અને ઊર્જા કંપનીઓ સંકટમાં મુકાશે. ઓટોમોબાઈલ ક્ષેત્રની ફોર્ડ, જીએમ અને સ્ટેલેન્ટિસ જેવી કંપનીઓને નુકસાન થશે. લાકડું, સ્ટીલ અને ખનીજોની નિકાસ બંધ થવાથી કેનેડાને નવા બજારો શોધવા મુશ્કેલ પડશે. કનાડિયન ડોલર નબળું પડશે, જેનાથી આયાત મોંઘી થશે અને મોંઘવારી વધશે.

## બાંગ્લાદેશમાં હિન્દુ મંદિર તોડફોડ બાદ આક્રોશ, ભારતના કડક વલણ બાદ ઢાકામાં વિરોધ પ્રદર્શન

ઢાકા: બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં હિન્દુઓ અને તેમના ધાર્મિક સ્થળો પરના હુમલાઓ સતત વધી રહ્યા છે. જેમાં તાજેતરમાં બાંગ્લાદેશની રાજધાની ઢાકાના દુર્ગા મંદિરમાં કથિત તોડફોડની ઘટનાની ભારતની કડક નિંદા બાદ હિન્દુઓ એકત્ર થયા છે. જેમાં શુક્રવારે ઢાકામાં સેંકડો હિન્દુઓએ રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

આ ઘટના અંગે ઢાકામાં ગુરુવાર અને શુક્રવારે હિન્દુ સમુદાય અને નાગરિક સંગઠનોએ પણ જોરદાર વિરોધ કર્યો છે. ભારતમાં પણ ઘણા સામાજિક સંગઠનોએ આ ઘટના સામે અવાજ ઉઠાવ્યો છે. ગંગા જળ સંધિના સંભવિત નવીકરણ અને દ્વિપક્ષીય વાટાઘાટો અંગે વિદેશ મંત્રાલયે કહ્યું, કેભારત પારદર્શક અને પરસ્પર લાભદાયી વાતાવરણમાં બાંગ્લાદેશ સાથે તમામ મુદ્દાઓ પર વાત કરવા તૈયાર છે.

જ્યારે ભારતના વિદેશ મંત્રાલયે ઢાકામાં દુર્ગા મંદિરમાં તોડફોડની કડક નિંદા કરી હતી. ભારતે કહ્યું હતું કે ધાર્મિક લઘુમતીઓ ખાસ કરીને હિન્દુઓ અને તેમના ધાર્મિક સ્થળોનું રક્ષણ કરવું એ બાંગ્લાદેશની વચગાળાની સરકારની પ્રાથમિક જવાબદારી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ભારતને માહિતી મળી હતી કે ઢાકાના ખિલખેત વિસ્તારમાં સ્થિત દુર્ગા મંદિરને ઉગ્રવાદી તત્વો દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું, મંદિર તોડી પાડવાની માંગણીઓ વચ્ચે, વચગાળાની સરકારે તેને ગેરકાયદેસર જમીન ઉપયોગનો કેસ ગણાવ્યો અને તોડી પાડવાની મંજૂરી આપી તે જાણીને અમને ખૂબ જ નિરાશા થઈ. આનાથી મૂર્તિને ખસેડવામાં આવે તે પહેલાં જ તેને નુકસાન થયું.

ભારતે પુનરોચ્ચાર કર્યો કે બાંગ્લાદેશમાં સતત બનતી આવી ઘટનાઓ ચિંતાનો વિષય છે અને ત્યાં ધાર્મિક સહિષ્ણુતા પર પ્રશ્નો ઉભા કરે છે. જયસ્વાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે હિન્દુ સમુદાય, તેમની મિલકતો અને તેમના ધાર્મિક સ્થળોનું સંપૂર્ણ રક્ષણ કરવાની જવાબદારી બાંગ્લાદેશ સરકારની છે.

